RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 210 * Date: 21.05.2025,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## હનુમાન બેનીવાલની વિવાદિત ટિપ્પણી બાદ કરણી સેનામાં આક્રોશ, કાર્યકરોને 'તૈયાર' રહેવા નિર્દેશ




સપાના સાંસદ રામજી લાલ સુમન બાદ ક્ષત્રિયો વિરૂદ્ધ વિવાદાસ્પદ નિવેદન આપનારા વધુ એક રાજકરણી ફસાયા છે. નાગૌરના સાંસદ અને રાષ્ટ્રીય લોકતાંત્રિક પાર્ટીના અધ્યક્ષ હનુમાન બેનીવાલે ક્ષત્રિયોની લાગણી દુભાવતું નિવેદન આપતાં ક્ષત્રિય કરણી સેનાએ નારાજગી વ્યક્ત કરી છે. બેનીવાલે રાજસ્થાનના રાજા-મહારાજાઓ અને ઈતિહાસ મુદ્દે ટીપ્પણી કરી હતી. જેથી રાજપૂત સમાજ રોષે ભરાયો હતો. ક્ષત્રિય કરણી સેનાના અધ્યક્ષ ડો. રાજ શેખાવતે નારાજગી વ્યક્ત કરતાં જડબાતોડ જવાબ આપવાની જાહેરાત કરી છે. તેમજ પોતાના કાર્યકારોને તૈયાર રહેવા આહ્વાન કર્યું છે.

શેખાવતે હનુમાન બેનીવાલના નિવેદનને ક્ષત્રિય સમાજનું અપમાન કર્યું હોવાનું જણાવતાં કહ્યું છે કે, આ અમારા ગૌરવશાળી પૂર્વજો અને વિરાંગનાઓનું અપમાન છે. અમારા પૂર્વજો અને ક્ષત્રિયો વિરૂદ્ધ ફરી એકવાર અભદ્ર ટીપ્પણી થઈ છે. તે પણ એક લોકસેવક, રાજસ્થાનના સાંસદ હનુમાન બેનીવાલ દ્વારા. જે જરાય ચલાવી લેવામાં આવશે નહી. અમે ઝડપથી બેનીવાલને તેનો જડબાતોડ જવાબ આપીશું. કરણી સેના આ મુદ્દાને માત્ર આક્ષેપ અને નિવેદનબાજી સુધી સીમિત રાખશે નહી.

વધુમાં શેખાવતે કહ્યું કે, ટૂંકસમયમાં જ રાજસ્થાન સાંસદ હનુમાન બેનીવાલને આક્રમક જવાબ આપીશું. ટૂંકસમયમાં જ તારીખ, સમય અને સ્થળ જાહેર કરીશું. તમામ કરણી સૈનિક તૈયાર રહેજો. કરણી સેનાનું આ આક્રમક વલણ જોતાં રાજ્યના રાજકારણમાં ખળભળાટ મચ્યો છે. અનેક રાજપૂત નેતાઓએ બેનીવાલના નિવેદનની ટીકા કરી તેમને માફી માગવા કહ્યું છે.

સાંસદ હનુમાન બેનીવાલે રાજ્યના ઈતિહાસનો ઉલ્લેખ કરતાં વીડિયોમાં કહ્યું હતું કે, રાજસ્થાનમાં માત્ર એક-બે લોકોએ જ લડાઈઓ લડી છે, બાકી લોકો તો મુઘલો સામે ઘૂંટણીયે પડ્યા હતાં. પોતાની દિકરીઓ સોંપી દીધી હતી. આ નિવેદનથી કરણી સેના અને રાજપૂત સમાજ રોષે ભરાયું છે. સોશિયલ મીડિયા પર અનેક યુઝર્સે તેને રાજપૂત સમાજના ઈતિહાસ અને બલિદાનનું અપમાન ગણાવી વખોડ્યા છે. રાણા સાંગાને ગદ્દાર કહેનારા સપા સાંસદ રામજીલાલ સુમનના કાફલા પર થોડા સમય પહેલાં જ ક્ષત્રિય સમાજે હુમલો કર્યો હતો. ૨૦ ગાડીઓના કાફલાને બુલંદ શહેરમાં જ ઘેરી લીધો હતો. સાંસદ વિરૂદ્ધ સુત્રોચ્ચાર કર્યા હતાં. ટાયર-પથ્થરો ફેંકી હુમલો કર્યો હતો. રામજીલાલ સુમનનો દેશભરના ક્ષત્રિયો-રાજપૂત સમાજે બહિષ્કાર કરતાં મોરચો છેડ્યો હતો. રેલીઓ કાઢી સુમન વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરવા માગ કરી હતી.

## જામનગરના યુવાનનું પ્રેમ પ્રકરણમાં અપહરણ કરી ઢોરમાર મારી ફેંકી દેવાયા બાદ સારવારમાં મૃત્યુ નિપજતાં બનાવ હત્યામાં પલટાયો



જામનગરમાં રહેતા આશિષ રાણાભાઈ અસવાર નામના ૨૧ વર્ષની વયના એક યુવાનનું કોઈ શખ્સો દ્વારા પ્રેમ પ્રકરણના કારણે ગત ૭મી તારીખે અપહરણ કરાયું હતું, અને કનસુમરા પાસે અવાવરૂ સ્થળે લઈ જઇ તેને ઢોર મારવામાં આવ્યો હતો, અને ત્યાં જ ફેંકી દેવાયો હતો.

જે બનાવની મોડેથી ૧૦૮ની ટીમને જાણ કરાતા ૧૦૮ ની ટુકડી બનાવના સ્થળે પહોંચી ગઈ હતી, અને ઈજાગ્રસ્ત યુવાનને પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેને એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં પહોંચાડ્યો હતો.

ઉપરોક્ત યુવાન જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ૧૨ દિવસથી સારવાર મેળવી રહ્યો હતો અને બેશુદ્ધ અવસ્થામાં હતો, દરમિયાન આજે તેની તબિયત લથડતાં મૃત્યુ નીપજ્યું છે, અને આ બનાવ હત્યામાં પલટાયો છે. જેથી ભારે ચકચાર મચી ગઈ છે.

જી.જી. હોસ્પિટલમાં મૃતકના પરિવારજનો હાજર હતા અને ભારે દેકારો બોલી ગયો હતો. એક તબક્કે પરિવારજનોએ મૃતદેહને સ્વીકારવાનો ઈનકાર કરતાં ભારે હલચલ મચી ગઈ હતી, આ બનાવ મામલે અગાઉ મૃતક યુવાન કે જે પોતાની પ્રેમિકા ક્રિષ્નાબેન કેશવાલા સાથે લિવ એન્ડ રિલેશનશીપમાં રહેતા હતા, અને આશિષ અસ્વાર કે જેને કેટલાક લોકો ઉઠાવી ગયા હતા, અને માર મારીને ફેંકી દીધો હતો.

જે બનાવ બાદ ક્રિષ્નાબેને પોતાના ફઈબાને ટેલીફોનથી વાત કરતાં તેના ફઈબાએ જણાવ્યું હતું કે તારા પિતા અને ફુવા વગેરે આશિષને ઉઠાવી ગયા છે, અને પોરબંદર લઈ ગયા છે. તારે જે કરવું હોય એ કરી લેજે તેમ કહ્યું હતું.

## મનરેગા કૌભાંડમાં ૧૨ની ધરપકડઃ ૮ ફરાર



લોકપાલ અહેવાલમાં ચોટીલાના પિપરાળી ગામે મનરેગામાં ગેરરીતિ બહાર આવી હતી

વર્ષ ૨૦૧૮થી ૨૨ દરમિયાન ચાર કામમાં રૂ.૨૬ લાખથી વધુના ભ્રષ્ટાચારની પોલીસ ફરિયાદ થયાના દોઢ વર્ષ બાદ ધરપકડનો દૌર

ચોટીલા - ચોટીલા તાલુકાનાં પીપરાળી ગામે ૨૦૧૮/૧૯થી ૨૦૨૨ દરમ્યાન ચાર કામમાં ૨૬ લાખથી વધુની ગેરરિતી આચરી કૌભાંડ થયું હોવાનું તંત્રની તપાસમાં ખુલતા ડીસેમ્બર ૨૦૨૩ થયેલ એફઆઈઆર બાદ દોઢ વર્ષે પોલીસે ૧૨ શખ્સોને પકડી કાર્યવાહી હાથ ધરતા ચકચાર જગાવી છે.

પિપરાળી ગામે રાષ્ટ્રીય રોજગાર યોજનાના કાયદા હેઠળ ૨૦૧૮/૧૯થી ૨૦૨૨ દરમ્યાન ત્રણ કૂવા બનાવવા અને એક જૂનું તળાવ ઊંડુ ઉતારવાની રૂ. ૨૬,૯૧,૧૬૨ના કામોની મંજૂરી મળી હતી. આ કામમાં તાલુકા પંચાયતનાં મનરેગા શાખામાં કામ કરતા કેટલાક ટેકનીકલ, નોન ટેકનીકલ કર્મચારીઓ તથા સરપંચ, તલાટી સહિતનાં લોકોએ મિલીભગત કરી ગેરરિતી આચરી કૌભાંડ આચર્યું હોવાની અરજી બાદ થયેલી તપાસ દરમિયાન લોકપાલ દ્વારા જિલ્લા કક્ષાએ આપેલા અહેવાલમાં કામગીરીમાં ગેરરિતી થયાનું જણાવ્યું હતું

પિપરાળી ગામે મનરેગા ની કામગીરીમાં થયેલ કથિત કૌભાંડમાં ચોટીલા તાલુકા પંચાયતમાં નરેગા શાખામાં કામ કરતા તત્કાલીન કેટલાક કર્મચારીઓ અને ગ્રામ પંચાયત તલાટી, સરપંચ સહિતનાઓની જવાબદારી અને સંડોવણી બદલ તમામ વિરૃધ્ધ તત્કાલીન તાલુકા વિકાસ અધિકારી એ.કે.ઠક્કરએ આઈપીસી - ૪૦૬, ૪૦૮, ૪૦૯,૪૬૮,૪૭૧,૪૭૭, અ,૩૪, મુજબ ૨૦ લોકો સામે ડીસેમ્બર ૨૦૨૩માં ચોટીલા પોલીસમાં ગુનો રજીસ્ટર કરાવ્યો હતો.

## અંકલેશ્વર નજીક નેશનલ હાઇવે પર અજાણ્યા વાહન ચાલકે બાઇકને ટક્કર મારી, યુવકનું મોત

અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે પર અજાણ્યા વાહન ચાલકે બાઈકને ટક્કર મારી, યુવકનું મોત

રાજ્યભરમાં સતત વધી રહેલા અકસ્માતો વચ્ચે વધુ એક અકસ્માત અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે ૪૮ પર સર્જાયો છે. નેશનલ હાઈવે પર આમલાખાડી ઓવરબ્રિજ પાસે અજાણ્યા વાહન ચાલકે ટક્કર બાઈક સવારને ટક્કર મારતાં યુવકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માતની જાણ થતાં સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી કાયદેસસરની કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર નેશનલ હાઈવે ૪૮ પર આમલાખાડી ઓવરબ્રિજ પાસે અજાણ્યા વાહન ચાલકે બાઈક ચાલકને ટક્કર મારતાં સજોદ ગામના જયેશ રાઠોડ નામના યુવકનું મોત નીપજ્યું હતું. અકસ્માતના પગલે ટ્રાફીકજામના દ્રશ્યો સર્જાયા હતા. અકસ્માતના બનાવ પગલે સ્થાનિક લોકો ટોળુ એકઠું થઇ ગયું હતું.

## ચાલુ મેચમાં તુ તુ મૈં મૈં બાદ BCCIની કાર્યવાહીઃ રાઠી એક મેચ માટે સસ્પેન્ડ, અભિષેક શર્માને દંડ

લખનઉ સુપર જાયન્ટ્સના સ્પિનર દિગ્વેશ રાઠીની ગઈકાલે સનરાઈઝર્સ હૈદરાબાદના બેટર અભિષેક શર્મા સાથે તુ તુ મેં મેં થયા બાદ BCCIએ બંનેને સજા ફટકારી છે. જેમાં રાઠીને આચાર સંહિતાના ઉલ્લંઘન બદલ ડિમેરિટ પોઈન્ટ મળ્યો છે, તેમજ ટીમની છેલ્લી લીગની મેચમાંથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો છે. વધુમાં મેચ ફીના ૫૦ ટકા દંડ પણ ફટકાર્યો છે. બીજી બાજુ અભિષેક શર્મા પર મેચ ફીના ૨૫ ટકા દંડ લાદ્યો છે.



આઈપીએલ આયોજકોએ ખાતરી કરી છે કે, રાઠીએ આ સીઝનમાં ત્રીજી વખત લેવલ ૧નો ગુનો કર્યો છે. જેના કારણે તેને પાંચ ડિમેરિટ પોઈન્ટ આપવામાં આવ્યા છે. વધુમાં એક મેચ માટે સસ્પેન્ડ પણ કરવામાં આવ્યો છે. આ સીઝનમાં આર્ટિકલ ૨.૫ હેઠળ લેવલ-૧ના ગુના હેઠળ ડિમેરિટ પોઈન્ટ મળે છે. રાઠીએ ત્રીજી વખત લેવલ-૧નો ગુનો કરતાં તેને બે ડિમેરિટ પોઈન્ટ મળ્યા છે.

## જામનગરમાં સમર્પણ રેલવે ફાટક નજીક રેલવેના પાટા ઓળંગી રહેલા આધેડ ટ્રેન હેઠળ કપાયા : કરુણ મૃત્યુ



જામનગરમાં દિગ્વિજય પ્લોટ શેરી નંબર ૪૯ માં રહેતા અને નિવૃત્ત જીવન જીવતા મહેશભાઈ ખેમચંદભાઈ નામના પ્રૌઢ કે જેઓ ગઈકાલે સાંજે ૭.૪૫ વાગ્યાના અરસામાં સમર્પણ સર્કલ નજીક રેલવેના પાટા ઓળંગી રહ્યા હતા, જે દરમિયાન એકાએક દેહરાદુન એક્સપ્રેસ ટ્રેન આવી જતાં ટ્રેનના એન્જિન હેઠળ કપાયા હતા, અને ગંભીર ઈજા થવાથી તેઓનું અંતરિયાળ મૃત્યુ નિપજ્યું હતું. મૃતકના પુત્ર સંજયભાઈ મહેશભાઈ દેવીપુજકે પોલીસને જાણ કરતાં સિટી સી. ડિવિઝનના એ.એસ.આઈ વી.એમ.ચાવડા બનાવના સ્થળે પહોંચી ગયા હતા, અને રેલવે ટ્રેક પાસેથી મૃતદેહનો કબજો સંભાળી જામનગરની સરકારી જી.જી.હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

## જાણો ગુજરાતમાં ક્યારે શરૂ થશે પ્રિ-મોન્સૂન એક્ટિવિટી, સૌરાષ્ટ્ર- દક્ષિણમાં પણ ભારે વરસાદની આગાહી

ગુજરાતમાં નૈઋત્યનું ચોમાસું પહોંચે તે પહેલાં પ્રી મોન્સૂન એક્ટિવિટી શરૂ થવાની પૂરી સંભાવનાઓ છે. આગામી ૨૨ થી ૨૬ મે દરમિયાન રાજ્યના મોટાભાગના જિલ્લામાં હળવાથી ભારે વરસાદ પડી શકે છે. હાલના સમયે અરબ સાગરમાં એક વરસાદી સિસ્ટમ બની રહી છે. આ સિસ્ટમ વધુ મજબૂત પણ બની શકે છે. આ સિસ્ટમ ડિપ્રેશન, ડીપ ડિપ્રેશન અથવા સાયક્લોન એટલે કે વાવાઝોડા સુધી પણ પહોંચે તેવી શક્યતાઓ છે. જેના પગલે ૨૨ તારીખ સુધીમાં ગુજરાતની અંદર વરસાદી એક્ટિવિટી થાય અને એક સપ્તાહ સુધી ગુજરાતમાં કેટલાક





જિલ્લામાં મધ્યમ તો કેટલાકમાં ભારે અને અમુકમાં અતિ ભારે વરસાદની સંભાવનાઓ રહેલી છેહવામાન વિભાગની આગાહી અનુસાર ૨૩મીએ છોટા ઉદેપુર-નર્મદા, ૨૪-૨૫મીએ નવસારી-વલસાડ-દમણ-દાદરા નગર હવેલી-અમરેલી-ભાવનગરમાં ભારે જયારે અન્યત્ર હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. હાલના અનુમાન અનુસાર ગુજરાતમાં ૮ જૂન સુધીમાં ચોમાસાનો પ્રારંભ થઇ શકે છે.

## જજ વિરૂદ્ધ એફઆઈઆરમાં આટલો વિલંબ કેમ? જસ્ટિસ યશવંત વર્મા મામલે ઉપરાષ્ટ્રપતિ ધનખડનો

જસ્ટિસ યશવંત વર્માના ઘર પર કથિત રૂપે રોકડ મળવાના કેસમાં ચાલી રહેલી ધીમી કાર્યવાહી પર સવાલો ઉઠાવતાં ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે જણાવ્યું કે, એવુ લાગી રહ્યું છે કે, આ મામલો ઠંડો પડી ગયો છે. લોકો રાહ જોઈ રહ્યા છે કે, આ મામલે સત્ય બહાર આવે, પરંતુ અત્યારસુધી કોઈ એફઆઈઆર નોંધાઈ નથી. શું આ પ્રકારના કેસ ન્યાયિક વ્યવસ્થાને પ્રદૂષિત કરી રહ્યા નથી?

એક પુસ્તક વિમોચનના કાર્યક્રમમાં ઉપરાષ્ટ્રપતિ ધનખડે જણાવ્યું કે, આ કેસને બે મહિના થઈ ગયા છે. તેમાં ઝડપથી તપાસ થવી જોઈએ. અત્યારસુધી એફઆઈઆર નોંધાઈ નથી.



સુપ્રીમ કોર્ટના જૂના નિર્ણય પર પુનર્વિચાર કરવાનો સમય આવી ગયો છે. જેમાં સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના ન્યાયાધીશો વિરૂદ્ધ કેસ ચલાવવા પૂર્વ મંજૂરી લેવી અનિવાર્ય છે. ધનખડે આ મામલે તપાસ કરી રહેલા ત્રણ જસ્ટિસની આંતરિક સમિતિ દ્વારા સાક્ષીઓ પાસેથી ઈલેક્ટ્રોનિક ડિવાઈસિસ જપ્ત કરવાના પગલાંને ગંભીર મુદ્દો ગણાવ્યો છે. તેમણે કહ્યું કે, આ એક ગંભીર મુદ્દો છે. ૧૯૯૧નો કે. વીરાસ્વામી ફ્જ ભારત સંઘના કેસનો ચુકાદો ધ્યાનમાં લેવો જોઈએ. જેમાં કોર્ટના ન્યાયાધીશોને ભ્રષ્ટાચાર વિરોધી કાયદા હેઠળ આવરી લેવામાં આવ્યા છે અને ન્યાયિક સ્વતંત્રતાના મહત્ત્વને રેખાંકિત કરે છે.

સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં જણાવ્યું હતું કે, જસ્ટિસ વાસ્તવમાં ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ લોકસેવક છે. પરંતુ તેમણે કહ્યું કે, કોઈ પણ ન્યાયાધીશ વિરૂદ્ધ કેસ ચલાવવા માટે પૂર્વ મંજૂરી લેવી અનિવાર્ય છે. સત્ય સામે આવવું જરૂરી છે. તેના માટે ફોરેન્સિક એક્સપર્ટ્સની પણ મદદ લેવી જોઈએ. જેથી સત્ય ઉજાગર થાય.

તંત્રી લેખ...

# અમેરિકાએ ભારતની કેરીનો જથ્થો રીજેક્ટ કર્યો: ૫ લાખ ડોલરનો ફટકો

અમદાવાદ : ભારતની કેરીનું સૌથી મોટું માર્કેટ અમેરિકાએ કેરીથી ભરેલા ૧૫ જેટલા એર શીપમેન્ટ અટકાવી દીધા હોવાના અહેવાલો મળી રહ્યા છે. ગઈ ૮ અને ૯ મેના રોજ ઈરેડિયેશન(રેડિયેશન) પ્રોસેસમાંથી પસાર કરાયેલા ૧૫ જેટલા એર શિપમેન્ટ જ્યારે એર મારફતે અમેરિકા પહોંચ્યા ત્યારે તેના રિડિયેશનના ડોક્યુમેન્ટમાં કેટલીક ભૂલો જણાતા તેને અટકાવી દેવાયા હતા અને પરત મોકલવા જણાવાયું હતું. લોસએંજલસ, સાન ફ્રાન્સિસ્કો અને એટલાન્ટા એરપોર્ટ પર પહોંચેલા શિપમેન્ટને અટકાવી દેવાયા હતા. ભારતની કેસર અને હાફૂસ અમેરિકાની દાઢે વળગેલી છે. હાફૂસ કરતાં પણ વધુ ડિમાન્ડ કેસરની જોવા મળી છે. ૨૦૨૪-૨૫ના પહેલાં છ મહિનામાં અમેરિકા ખાતે ૨૦૪૩.૬૦ મેટ્રિક ટન કેરી મોકલાઈ હતી. ભારત વર્ષે દહાડે ૪૭.૯૮ મિલીયન ડોલરની કેરી એક્સપોર્ટ કરતું આવ્યું છે. જે કન્સાઈનમેન્ટને અટકાવાયા છે તેમાં ઈરેડિયેશન પ્રોસેસના ડોક્યુમેન્ટમાં વિસંગતતાઓ જોવા મળી હતી.અહીં મહત્વનું એ છે કે અમેરિકી કાયદા અનુસાર અમેરિકામાં પ્રવેશતી દરેક કેરીને ઈરેડિયેશન પ્રોસેસમાંથી પસાર કરાઈ હોવાનું સર્ટિફીકેટ આપવું પડે છે. કેરીમાં જીવાત પડી છે કે નહીં તેનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે. કેરીની છાલ પરના કાળા ડાઘા પણ સ્વિકારાતા નથી.જે શિપમેન્ટ અટવાયા છે તેમાંની કેરીઓ ઈરેડિયેશનમાંથી પસાર કરાઈ હતી પરંતુ તેને સર્ટિફાઈડ કરતા ડોક્યુમેન્ટમાં વિસંગતતાઓ જણાઈ હતી. કેરીની નિકાસ કરનારા કહે છે કે ઈરેડિયેશનની સવલતો ઉભી કરાઈ છે તે એજંસીઓની ભૂલના કારણે અમેરિકાના એરપોર્ટ પર ભારતની કેરી ખરાબની ક્વોલિટીની કહીને બદનામ કરાઈ રહી છે.

## અમદાવાદ મનપા. દ્વારા ચંડોળા તળાવમાં ડિમોલિશનનો બીજો તબક્કો શરૂ

અમદાવાદ,

આજથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ચંડોળા તળાવ, આસપાસમાં ડિમોલિશનનો બીજો તબક્કો શરૂ થશે. જેમાં અંદાજે અઢી લાખ ચોરસ મીટરથી વધુની જગ્યા પરના ગેરકાયદે દબાણો દૂર કરવામાં આવશે. જેને લઈને આજે શહેર પોલીસ કમિશનરની અધ્યક્ષતામાં એક બેઠક મળી હતી. જેમાં મહા નગરપાલિકા અને પોલીસના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

આ વિસ્તાર ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને અનધિકૃત વસાહતો અને તેમા પણ ખાસ કરીને બાંગ્લાદેશી નાગરિકોના રહેઠાણનું કેન્દ્ર બની ગયો છે. અધિકારીઓનું કહેવું છે કે, ચંડોલા તળાવ વિસ્તાર ઘણા લાંબા સમયથી ગેરકાયદે પ્રવૃત્તિઓ માટેનું કેન્દ્ર રહ્યો છે.

## આયુર્વેદિક પ્રોડક્ટ સપ્લાય કરવાના નામે છેતરપિંડી કરવાના કેસમાં વડોદરા પોલીસ એક નાઇજિરિયન ની ધરપકડ કરી

વડોદરા,

વડોદરા પોલિસેને એક મોટી સફળતા મળી છે જેમાં, એક વેપારી સાથે આયુર્વેદિક પ્રોડક્ટ સપ્લાય કરવાના નામે ઠગ ટોળકીએ નેટવર્ક ગોઠવી રૂ.૧.૨૪ કરોડની છેતરપિંડી કરવાના બનાવમાં નાઈજીરીયન ગેંગના એક વ્યક્તિને ઝડપી લેવાયો.વડોદરાના એક વેપારીને સોશિયલ મીડિયા પર આયુર્વેદિક લિક્વિડ સપ્લાય કરવા માટે ઓફર કરવામાં આવી હતી. ઠગ ટોળકીએ ગોઠવેલા નેટવર્ક મુજબ બીજા એક એક ઠગને લિક્વિડ




ક્યાંથી મળશે તેની જાણકારી આપવામાં આવી હતી. તેમણે આ લિક્વિડની કોસ્ટ અમે કહીએ તે પ્રમાણે રાખીને સપ્લાય કરવા અને નફો સરખે ભાગે વેચી લેશું તેમ કહ્યું હતું.ઠગોની જાણવા ફસાયેલી વ્યક્તિએ ત્યારબાદ ક્રિષ્ના હર્બલમાંથી રૂ.૪૭લાખની કિંમતનું ૨૦ લીટર લિક્વિડ સપ્લાય કર્યું હતું. પરંતુ ઠગોએ આ ઓર્ડર મોડો મળવાથી નુકસાન થયું છે તેમ કહી વધુ ૫૦ લીટર સપ્લાય કરવા કહ્યું હતું. તેમણે એવી પણ લાલચ આપી હતી કે ૫૦ લીટર માલ સપ્લાય થશે એટલે કંપની તરફથી ૧૩૦ લિટરનું એડવાન્સ પેમેન્ટ કરાવી નફો સરખા ભાગે વેચી લેશું. આમ આમ ઠગોએ કુલ રૂ.૧.૨૪ કરોડ પડાવી લીધા હતા.વડોદરા પોલીસના સાયબર ક્રાઈમ વિભાગે આ બનાવમાં ક્રિષ્ના હર્બલના અધિકારી તરીકે ઓળખ આપનાર ગ્રેબિયન ઓયેક્રા(કલ્યાણ, મુંબઈ) ની ધરપકડ કરી છે.

## હવામાન વિભાગે ગુજરાતમાં આવનાર ૪ દિવસ માટે છૂટોછવાયો કમોસમી વરસાદની આગાહી

અમદાવાદ,

હવામાન વિભાગે આવનારા ૪ દિવસ માટે ગુજરાતમાં કમોસમી વરસાદની કરેલી આગાહી મુજબ, ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરાઈ છે. ઉત્તરપૂર્વ અરબી સમુદ્રમાં વરસાદી સિસ્ટમ સક્રિય હોવાથી તેમજ હવામાં ચક્રવાતી પરિભ્રમણ પણ સક્રિય હોવાના કારણે વાવાઝોડા સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

૨૦થી ૨૫ મે દરમિયાન કયા કયા જિલ્લામાં વરસાદ પડવાની સંભાવના

●૨૦ મે : રાજકોટ, બોટાદ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, આણંદ, ખેડા,



અરવલ્લી, સાબરકાંઠા, મહિસાગર, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, વડોદરા, ભરૂચ, નર્મદા, સુરત, વલસારી, તાપી જિલ્લા અને નવસારી જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે.● ૨૧ મે : વડોદરા, ભરૂચ, નર્મદા, સુરત, વલસાડ, છોટા ઉદેપુર, તાપી, નવસારી, ડાંગ જિલ્લામાં ગાજવીજ સાથે હળવો વરસાદ થવાની સંભાવના છે.● ૨૨ મે : સુરેન્દ્રનગર, બોટાદ, રાજકોટ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, જૂનાગઢ, પોરબંદર, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ અને વલસાડમાં મોટાભાગના સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર અને અરવલ્લી જિલ્લામાં મોટાભાગના સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.

●૨૩ મે : બોટાદ, રાજકોટ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, જૂનાગઢ, પોરબંદર, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ અને વલસાડમાં મોટાભાગના સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.

## ધંધુકા પોલીસે બાતમીના આધારે મિનરલ વોટરની આડમાં દમણથી દ્વારકા લઈ જવાતા વિદેશી દારુનો જથ્થો ઝડપાયો

ધંધુકા,

લીંમડી ત્રણ રસ્તા નજીક ધંધુકા પોલીસની ટીમે બાતમીના આધારે વોચ ગોઠવી હતી, તે સમયે એક ટ્રક પસાર થઈ હતી જેની તપાસ કરતાં મિનરલ વોટરની આડમાં દમણથી દ્વારકા લઈ જવાતા વિદેશી દારુનો જથ્થો ઝડપાયો હતો. આ સમગ્ર મામલે મીડિયા સૂત્રો દ્વારા મળતી વિગતો અનુસાર ધંધુકાના લીંમડી ત્રણ રસ્તા પાસે ગત મોડી રાત્રે પેટ્રોલિંગ દરમિયાન ધંધુકા પોલીસને ફેદરાથી ધંધુકા તરફ આવી રહેલા ટ્રકમાં પાણીની બોટલોની આડમાં વિદેશી દારુનો જથ્થો છુપાવી દારુની હેરફેર કરવામાં આવતી હોવાની બાતમી મળતા ધંધુકા પોલીસે વોચ ગોઠવી હતી.પોલીસને બાતમીદારે



આપેલી વિગતો પ્રમાણે ટ્રક નંબર ય્ત્ર૨૫્૯૪૫૯ને થોભાવી તપાસ હાથ ધરી હતી. જેમાં તપાસ દરમિયાન ટ્રકમાંથી પાણીની બોટલના કેરેટ નીચે છૂપાવેલી ભારતીય બનાવટની વિદેશી દારુની ૭૫૦ મી.લી.ની બોટલો નંગ-૯૬૦ તથા ૧૮૦ મી.લી.ની કાચની બોટલો નંગ. ૫૧૮૪ તથા ૧૮૦ મી.લી.ની પ્લાસ્ટિકની બોટલો નંગ. ૪૩૬૮ તથા બીયર ટીન નંગ ૧૬૩૨ મળી કુલ ભારતીય બનાવટની વિદેશી દારુની બોટલ તથા બીયર મળી કુલ રુપિયા ૩૯,૩૯,૮૪૦ ની કિંમતની ૧૨૧૪૪ નંગ બોટલો, મોબાઈલ, ટ્રક નંબર ય્ત્ર૨૫્૯૪૫૯ તથા પાણીની બોટલોના કેરેટો ૮૭૫ સહિત પોલીસે કુલ રુપિયા ૪૬,૧૨,૩૪૦ નો મુદામાલ કબજે કર્યો હતો. આ સાથે અમરાભાઈ ગલાભાઈ મોરી (રહે.રાણપર, તા.ભાણવડ, જી. દેવભૂમિ દ્વારકા)ને ઝડપી લઈ પુછપરછ કરતા તે આ દારુનો જથ્થો તેમના ગામના નાગાભાઈ રાજાભાઈ કોડીયાતરના કહેવાથી લાવી રહ્યો હોવાની વાત કરી હતી અને દમણથી અજાણ્યા શખ્સે ભરી આપ્યો હતો. આ અંગે ઉક્ત ત્રણેય વિરુદ્ધ ધંધુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધીને પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## આર્થિક બાબતોના વિભાગે સિક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (નિયમન) નિયમો, ૧૯૫૭ના નિયમ ૮માં સુધારો કર્યો

નાણા મંત્રાલયના આર્થિક બાબતોના વિભાગ એ ગેઝેટ સૂચના G.S.R. ૩૧૮ દ્વારા સિક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (નિયમન) નિયમો ૧૯૫૭ના નિયમ ૮માં સુધારો કર્યો. આ સુધારો બ્રોકર્સ માટે વ્યવસાય કરવાની સરળતા વધારવા માટે નિયમનકારી સ્પષ્ટતા આપે છે.ઉક્ત નિયમોમાં કેટલીક જોગવાઈઓ અંગે વિવિધ હિસ્સેદારો દ્વારા ઉઠાવવામાં આવેલી ચિંતાઓની નોંધ લીધા પછી, DEAએ સપ્ટેમ્બર, ૨૦૨૪માં હિસ્સેદારોના મંતવ્યો આમંત્રિત



કરવા માટે એક કન્સલ્ટેશન પેપર (Consultation Paper for Public Comments on Rule 8 SCRR (1957).pdf) બહાર પાડ્યું હતું.નાણાકીય ક્ષેત્રના કદ અને પરસ્પર જોડાણમાં વૃદ્ધિ અને સમય જતાં બ્રોકરોના વ્યવસાયની પ્રકૃતિના વિકાસને ધ્યાનમાં રાખીને, DEAએ નિયમોમાં સમાવિષ્ટ સલામતીના પગલાંની યોગ્યતાની સમીક્ષા કરવી જરૂરી માન્યું જેથી હિસ્સેદારોની પ્રવૃત્તિઓને અવરોધ્યા વિના નિયમોનો હેતુ પૂર્ણ થાય.

હિસ્સેદારોના પ્રતિસાદ પર યોગ્ય વિચારણા કર્યા પછી આ સુધારો કરવામાં આવ્યો છે અને સરકારના નિયમનકારી સ્પષ્ટતા પ્રદાન કરવા અને નાણાકીય ક્ષેત્રમાં વ્યવસાય કરવાની સરળતા વધારવાના વ્યાપક ભારનો એક ભાગ છે. તે સુનિશ્ચિત કરશે

## પહેલગામ હુમલો: મૃતકોને શહીદનો દરજ્જો આપવાની અરજી ફગાવી:હાઈકોર્ટે કહ્યું - આ કામ સરકારનું છે


પંજાબ એન્ડ હરિયાણા હાઈકોર્ટે મંગળવાર (૨૦ મે) ના રોજ પહેલગામ હુમલામાં માર્યા ગયેલા ૨૬ લોકો માટે શહીદનો દરજ્જો માંગતી પીઆઈએલને ફગાવી દીધી હતી.આ નિર્ણય હાઈકોર્ટના ચીફ જસ્ટિસ શીલ નાગુ અને જસ્ટિસ સુમિત ગોયલની બેન્ચે આપ્યો હતો. કોર્ટે કહ્યું, "કોર્ટ નવી નીતિઓ બનાવી શકતી નથી. આ કામ સરકારનું છે."બેન્ચે અરજદારને તેમની માંગણી અથવા ફરિયાદ લેખિતમાં યોગ્ય અધિકારી અથવા સત્તાધિકારીને સુપરત કરવા પણ કહ્યું. આ પછી, ૩૦ દિવસની અંદર તેમની માંગણી પર વિચાર કરવામાં આવશે.ખરેખરમાં, ૨૨ એપ્રિલે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં કરનાલના લેફ્ટનન્ટ વિનય નરવાલનું પણ મૃત્યુ થયું હતું. તે તેની પત્ની હિમાંશી સાથે હનીમૂન પર ગયો હતો.સુનાવણી દરમિયાન, જસ્ટિસ શીલ નાગુએ



અરજદારને પૂછ્યું, "શું તેમને શહીદ જાહેર કરવા એ કલમ ૨૨૬ હેઠળ આવે છે? જો એમ હોય, તો ઉદાહરણ સાથે સમજાવો. શું કોર્ટ આવો નિર્ણય લઈ શકે છે? આ નિર્ણય સરકારે લેવો જોઈએ, કારણ કે તે તેમનું કામ છે."આનો જવાબ આપતા અરજદાર એડવોકેટ આયુષ આહુજાએ કહ્યું કે, ધર્મના નામે આતંકવાદીઓ દ્વારા નિર્દોષ પ્રવાસીઓને માથામાં ગોળી મારી દેવામાં આવી હતી, તે બધાનું પણ સૈનિકની જેમ સન્માન કરવું જોઈએ.હાઈકોર્ટના એડવોકેટ આયુષ આહુજાએ ૨ મેના રોજ અરજી કરી હતી. તેમણે માંગ કરી હતી કે કેન્દ્ર અને વડાપ્રધાન કાર્યાલયને મૃત્યુ પામેલા લોકોને શહીદનો દરજ્જો આપવાનો નિર્દેશ આપવામાં આવે. મૃત્યુ પામેલા લોકોના નામ સુવર્ણ અક્ષરોમાં લખવા જોઈએ અને તેમની પ્રતિમાઓ સ્થાપિત કરવી જોઈએ. જ્યાં હુમલો થયો હતો તે સ્થળનું નામ બદલવું જોઈએ. નવું નામ "સ્મારક શહીદ/શહીદ હિન્દુ ઘાટી પ્રવાસન સ્થળ" રાખવું જોઈએ.અરજીનો વિરોધ કરતા, કેન્દ્ર તરફથી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ (છજીય) સત્ય પાલ જૈને કહ્યું હતું કે, "અરજદારને કોઈ ખ્યાલ નથી કે ભારત સરકાર શું કરી રહી છે. ગૃહમંત્રી તે જ સાંજે શ્રીનગર પહોંચ્યા હતા. આપણે બીજા દેશ સાથે યુદ્ધની કગારે છીએ. આ સમય આવા મુદ્દાઓ ઉઠાવવાનો નથી, આપણે અન્ય બાબતોને પ્રાથમિકતા આપી રહ્યા છીએ."અરજીની સુનાવણી કરતી વખતે જસ્ટિસ શીલ નાગુએ કહ્યું હતું કે, "જો કોઈ સૈનિકનું મૃત્યુ થાય છે, તો પણ તેને પુરસ્કાર માટે ધ્યાનમાં લેવું જોઈએ, પરંતુ તે તાત્કાલિક આપવામાં આવતું નથી. તેમાં સમય લાગે છે. સામાન્ય રીતે ઓછામાં ઓછો એક વર્ષ લાગે છે.

## છગન ભુજબળ મહારાષ્ટ્ર કેબિનેટમાં મંત્રી બન્યા:કહ્યું- અંત ભલા તો સબ ભલા, જે જવાબદારી મળશે તેને નિભાવીશ

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (દ્રૠ)ના નેતા છગન ભુજબળે મંગળવારે સવારે મહારાષ્ટ્ર કેબિનેટમાં મંત્રી તરીકે શપથ લીધા. મંત્રી બન્યા પછી તેમણે કહ્યું- 'એવું કહેવાય છે - અંત ભલા તો સબ ભલા. અત્યાર સુધી, મેં દરેક જવાબદારી સારી રીતે નિભાવી છે. અત્યારે પણ મને જે પણ જવાબદારી મળશે, હું તેને નિભાવીશ.'ખરેખર, ગયા વર્ષે નવેમ્બરમાં મહારાષ્ટ્રમાં મહાયુતિ ગઠબંધનની સરકાર બની હતી. જોકે, ૭૭ વર્ષીય છગનને કેબિનેટમાં સામેલ કરવામાં આવ્યા ન હતા, જેના કારણે તેઓ નાખુશ હતા.ભુજબળે દ્રૠના દિગ્ગજ નેતા ધનંજય મુંડેનું સ્થાન મહારાષ્ટ્ર કેબિનેટમાં લીધું છે. મુંડેએ સ્વાસ્થ્ય કારણોસર માર્ચ મહિનામાં ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રી પદેથી રાજીનામું આપ્યું



હતું.ભુજબળને પણ ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રાલય મળી શકે છે, કારણ કે આ પહેલા તેઓ બેવાર આ મંત્રાલય સંભાળી ચૂક્યા છે.ડિસેમ્બરમાં મંત્રી પદ ન મળવા પર કહ્યું હતું- શું હું રમકડું છું? મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના યેવલાથી ધારાસભ્ય ભુજબળની રાજકીય કારકિર્દી ઘણા દાયકાઓ સુધી ચાલી છે. તેઓ રાજ્યમાં ઓબીસી સમુદાયના મોટા નેતા છે. ભુજબળ અગાઉ વિવિધ સરકારોમાં નાયબ મુખ્યમંત્રી અને કેબિનેટ મંત્રી તરીકે સેવા આપી ચૂક્યા છે.ગયા વર્ષે ડિસેમ્બરમાં મુખ્યમંત્રી ફડણવીસના મંત્રીમંડળ વિસ્તરણ દરમિયાન તેમને મંત્રી પદ ન મળતાં તેઓ ગુસ્સે થયા હતા. તેમણે ૧૭ ડિસેમ્બરે નાગપુરમાં એક પ્રેસ કોન્ફરન્સમાં દાવો કર્યો હતો કે મુખ્યમંત્રી ફડણવીસ તેમને મંત્રી બનાવવાના પક્ષમાં છે, પરંતુ દ્રૠ પ્રમુખ અજિત પવારે આ અંગે કોઈ નિર્ણય લીધો ન હતો.ભુજબળે કહ્યું, 'મેં નાસિકથી લોકસભા ચૂંટણી લડવાના સૂચનનો સ્વીકાર કર્યો હતો. જ્યારે હું રાજ્યસભામાં જવા માંગતો હતો, ત્યારે મને વિધાનસભાની ચૂંટણી લડવા માટે મજબૂર કરવામાં આવ્યો. હવે ૮ દિવસ પહેલા મને રાજયસભાની બેઠકની ઓફર કરવામાં આવી હતી, જેને મેં નકારી કાઢી હતી.''તેઓએ ત્યારે મારી વાત સાંભળી નહીં, હવે તેઓ મને રાજયસભાની બેઠક આપી રહ્યા છે. જો હું રાજીનામું આપીશ તો મારા મતવિસ્તારના લોકો શું વિચારશે? શું હું તમારા હાથનું રમકડું છું? જ્યારે તમે કહેશો તો હું ઉભો રહીશ, જ્યારે તમે રહેશો તો હું બેસી જઈશ અને ચૂંટણી લડીશ?'

## વડોદરા પાલિકાની સભામાં ભૂખી કાંસ મુદ્દે ભાજપ-કોંગ્રેસના કોર્પોરેટરો આમને સામને

વડોદરા પાલિકાની સભામાં ભૂખી કાંસને ડાયવર્ટ કરવાના મુદ્દે વિરોધ પક્ષ અને શાસક પક્ષના સભ્યો સામ સામે આવી ગયા હતા. કોંગ્રેસના કાઉન્સિલર જહા ભરવાડે રજૂઆત કરી હતી કે, કોર્પોરેશનમાં વિશ્વામિત્રી પ્રોજેક્ટના પ્રેઝન્ટેશન વખતે અમે નદીમાં જે કામગીરી થવાની છે તેનું સમર્થન કર્યું હતું પરંતુ આ દરમિયાન પ્રેઝન્ટેશનમાં ભૂખી કાંસને ડાયવર્ટ કરવાની બાબત રજૂ કરી હતી જેનો અમે વિરોધ કર્યો હતો. ભૂખીને ડાયવર્ટ કરવાથી હાલ જે વોર્ડ નંબર ૧માં વરસાદના પાણી આવી રહ્યા નથી તેને કારણે પાણી ભરાશે, જેથી બિનજરૂરી અમારા વોર્ડ વિસ્તારના લોકોએ ચોમાસામાં હાલાકી વેઠવી પડશે.જહા ભરવાડે એમ પણ જણાવ્યું કે, ભૂખી કાસને જો ડાયવર્ટ કરવામાં આવશે તો જે ગૌરવ પથ રોડ બનાવવામાં આવ્યો છે તે ખોદી નાખવો પડશે. ઉપરાંત ભૂખી કાંસને નવાયાર્ડ સુધી લઈ જવાની વાત છે તો તેને કારણે છાણીમાં સિલકોડ કરેલ અને નવાયાર્ડમાં જે રોડ બનાવ્યો છે તે પણ ખોદવો પડે તેવી પરિસ્થિતિ છે. તો એક બોર્ડની મુશ્કેલી બીજા વોર્ડને થોપી ન દેવાય તેવી દલીલ તેમણે કરી હતી અને પાલિકા તંત્રએ આવા ખોટા નિર્ણય ન લેવા જોઈએ તેમ જણાવ્યું હતું.

## સુરતમાં ભાજપના વોર્ડના મહામંત્રી અને બળાત્કારના આરોપીના ગેરકાયદે દબાણ પર ફર્યું બુલડોઝર

સુરત શહેરના કતારગામ વિસ્તારના વોર્ડ નંબર ૮ ના મહામંત્રી આદિત્ય ઉપાધ્યાય અને તેના સાથી ગૌરવ સિંહે એક યુવતીને કેફી પીણું પીવડાવીને હોટલમાં બળાત્કાર ગુજાર્યો હતો. આ અંગેની ફરિયાદ બાદ સુરતના રાજકારણમાં ભૂકંપ આવ્યો છે. આરોપીના પ્રદેશ પ્રમુખ સી આર પાટીલ, ગૃહ મંત્રી હર્ષ સંઘવી અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિત અનેક નેતાઓ સાથેના ફોટા સોશિયલ મીડિયામાં વાઈરલ થયા છે. બળાત્કારની પોલીસ ફરિયાદ બાદ આજે સુરત મહાનગરપાલિકાના કતારગામ ઝોને સિંગણપોર ખાતે આવેલા




સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ની બાજુના સરકારના અનામત પ્લોટ માં બળાત્કારના આરોપીએ બનાવેલા ગેરકાયદેસર નોનવેજ ઢાબાનું ડિમોશન હાથ રહ્યું હતું. જોકે, ભાજપના આ વોર્ડના મહામંત્રીએ ઘેર કાયદેસર ઢાબા બનાવ્યું ત્યારે જ સોસાયટીના સ્થાનિકોએ ફરિયાદ કરી હતી. ત્યારબાદ સ્થાનિક કોર્પોરેટરે પણ ફરિયાદ કરી હતી. જોકે રાજકીય દબાણને કારણે આ ગેરકાયદે બાંધકામ દૂર કરવામાં આવ્યું ન હતું. બળાત્કારની ફરિયાદ નોંધાયા બાદ આજે કતારગામ ઝોન દ્વારા ભાજપના વોર્ડના મહામંત્રીનું ગેરકાયદે બાંધકામ દૂર કરી દીધું હતું.

## વિશ્વામિત્રી નદીમાં જ્યાં ખોદાણ થયું ત્યાં નાના સ્વિમિંગ પૂલ બની ગયા, નદીમાં બોટલ નેક જેવી પરિસ્થિતિ ઉભી થઈ

વડોદરા પાલિકાની સભામાં કોંગ્રેસના કાઉન્સિલર અમીબેન બાબતે રજૂઆત કરી હતી કે, હાલ જે વિશ્વામિત્રી પ્રોજેક્ટ અંતર્ગત કામગીરી થઈ રહી છે કે અમુક ચોક્કસ જગ્યાએ જ કામગીરી કરવામાં આવી રહી છે. જેને કારણે આપણે નદીમાં બોટલ નેક જેવી પરિસ્થિતિ ઉભી કરી છે. એટલે જ્યાં કામ થયું છે જ્યાં જાણે સ્વિમિંગપુલ ઊભા થઈ ગયા છે અને જ્યાં ખોદાણ નથી થયું ત્યાં પાણી નીકળવામાં સમય લાગશે. આ બાબત ચોમાસામાં એક આફત ઊભું કરી શકે તેમ



છે. આપણે એક બાજુ નદી અને કાંસો પૂરી રહ્યા છીએ પછી પ્રાર્થના કરીએ છીએ કે પૂર આવે તો તે કેવી રીતે ચાલે? તાજેતરના ચોમાસામાં આવેલ પૂર અભૂતપૂર્વ હતું અને જે વિસ્તારમાં પાણી ન હતું ત્યાં પણ પાણી ભરાયા હતા. હાલ વિશ્વામિત્રી પ્રોજેક્ટ ચાલી રહ્યો છે તે નદીના તમામ જગ્યાએ યોગ્ય રીતે થાય તે જરૂરી છે.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NoG SS NO : 233**
વિષય : ગપસપ શિર્ષક : ગપસપ
શબ્દો : ૯૫. પ્રકાર : પદ્ય

યાદ આવે આજે પણ દોસ્તો સાથેની એ ગપસપ
ટીચર કહે રોજ હવે તો તું જપ
દિવસો હતા કેવા જ્યારે હતા બધા શાળમાં
ના હતી કોઈ ચિંતા બસ રેવાનું કાયમ મજામાં
જેમ જેમ થયા મોટા આવ્યો જવાબદારી નો બોજ
બાળપણ હતું સારુ હતી રોજ મોજે મોજ
વિચાર્યું હતું કે મોટા થઈને બનાવશું સારી લાઈફ
હવે ખબર પડી કે બાળપણ જ હતું સૌથી બ્રાઈટ
યાદ આવે આજે પણ દોસ્તો સાથે ની ગપસપ
ટીચર કહે રોજ હવે તો તું જપ
લેખક: અમિષા પંચાલ'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS No.167***
★વિષય:-"ગપસપ"★
★શિર્ષક;- "કોઈ છોડી ના શકે"★
★પ્રકાર:- પદ્ય - શબ્દ:-૯૦★

વા વાયો ને નળીયું ખસ્યું, જેવી વાત હતી,
લોકોમાં તો જાણે ચર્ચાની, અમીરાત હતી.
ગપગોળા ઉડે વાયુ વેગે,પથરાય બધે, પછી,
ફૂટે ફટાકડા જેમ, ને સમજાય સૌને એ પછી.
ગામને ચૌરે, વિષય ગપસપનો સૌને તો ગમે,
જામે ચર્ચા જાણ વગર, આપસમાં લડી પડે.
ઘણી વખત ગપસપથી, થાય મુશ્કેલી તો ભલે,
ના છોડે અંતતક, બીજાને તો દુઃખી કરતાં ફરે.
વિષય સાંપ્રત છે, દુનિયાના છેડે પણ મળતો રહે.
પડી છે ટેવ ગપસપની, ક્યારેય કોઈ છોડી ના શકે.

★નરેન્દ્ર ત્રિવેદી.(ભાવનગર)★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:153** વિષય:"ગપસપ"
શીર્ષક:"ગપસપ કરવાં ની મઝા હતી...." પ્રકાર:પધ્ય.
શબ્દો:૧૨૬
કોલેજ થી પલળતાં પલળતાં છબછબીયાં કરીને ઘરે આવવાં ની મઝા હતી,
પપ્પા જે પૈસા રેઈનકોટ માટે આપે તેમાંથી જીન્સ નાં પેન્ટ લઈ આવવા ની મઝા હતી,
વરસાદ ની સીઝન માં કોલેજ બહાર રોજ રોજ દાળવડાં ખાવાં ની મઝા હતી,
અત્યાર ની પીઝા,મેગી ને બર્ગર વાળાં શું જાણે વરસાદ માં આ દાળવડાં નો સ્વાદ .
વરસાદ વધારે પડે ને કોલેજ માંથી છુટ્ટી આપે તો હરખઘેલા થઈ ગપસપ કરતાં કરતાં કુદમકુદ કરવાં ની પણ મઝા હતી,
કોલેજ ની બહાર છોકરીઓ નાં નામ દઈ ગપસપ કરવા ની પણ મઝાં હતી.
આટલું પલળ્યાં પછી પણ ના કોઈ છીંકા-છીંક ના કોઈ શરદી નું નામ,બીજાં દિવસે કોલેજ જવાં તૈયાર,લઈ ને જલ્પાડી નું નામ.
જીતેન્દ્ર શાહ"સુકાન્ત" (અમદાવાદ)

**NOG SS NO :-168**
વિષય:- ગપસપ
શીર્ષક:- નવરાશની એ પળ
પ્રકાર:- પદ્ય શબ્દ:- ૮૬

ગપસપી,'આઓની' છે એક દુનિયા આ ધરતી પર,
નવરાશની પળોમાં ટાઈમપાસ કરે છે ગપસપ થી,
ગપસપ નું એક બાળપણ, તોતડુ પણ નું છે...
એનું ગપસપ મીઠું લાગે, એનાં ગપસપ માં મન મલકાય.
ગપસપનો કોઈ યથાર્થ અર્થ નથી સર્જાતો,
એપ્રિલ ફૂલ બનાવે , અફવાઓ ફેલાવે.
દે ફેકમ ફેક દે ફેકમ ફેક બીજું કાંઈ નથી...
ગપસપી,'આવો ઉડતી વાત ને હવામાં ફેલાવે.
નથી જરૂર એને આકાશવાણી રેડિયો સ્ટેશનની,
નથી જરૂર એને અખબારનાં પત્રકાર બનવાની.
એનાં સ્ટેશનનું નામ છે 'સદાબહાર ગપસપીઓ',
નવરાશની પડોનો છે, 'એ ગપસપ પ્રચારક',

ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS NO:- 364***
★વિષય:- ગપસપ★
★શીર્ષક:- પ્રીત થઈ ગઈ★
★પ્રકાર:- પદ્ય શબ્દો:- ૧૧૫★
આમ નજરથી નજર મળી ગઈ ને પ્રીત થઈ ગઈ,
મુજ દિમાગમાં ચાલતા વિચારોની ★ગપસપ★ ગીત થઈ ગઈ.
અજાણ્યા રાહના બેઉ મુસાફરો કંઈ ભૂલા પડ્યા કે ?
સામે મળ્યાં ને વર્ષોની જાણે મન - મીત થઈ ગઈ.
માત્ર આંખો સામે જ એ અજાણી છોરી ઊભી હતી,
એવી કરી ગઈ અસર કે મનભાવન ચિત્ત થઈ ગઈ.
લખવું ' તું કાવ્ય આ કવિને અનજાન કુસુમ કાજે,
બની ગયો શાયર ને મારી ગઝલ - રચિત થઈ ગઈ.
પ્રેમાલાપની હરીફાઈમાં હારવાનું તો કોને જ ગમે ?
અમે લગાવી બાજી, બેશક અમારી જીત થઈ ગઈ.
હીર - રાંઝા, શિરીન - ફરિહાદ - બધીય હતી પ્રેમની જોડીઓ,
અમે શિખ લીધી તેમાંથી ને પ્રણયની રીત થઈ ગઈ.
અરે ! મહોબ્બતનો આવો ટૂંકો ને વળી ગંભીર અંજામ ?
★"પંકજ"★- બેડીઓ નાંખીને રાંઝાની ફરતે ભીંત થઈ ગઈ.
★મનસુખભાઈ એચ.મકવાણા, પંકજ જરીવાલા, ઉપલેટા★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No: 388**
વિષય : ગપસપ શીર્ષક : ચાલ ને
શબ્દો : ૧૩૩. પ્રકાર : પદ્ય
ચાલ ને થોડી વાતો કરીયે. સરસ મજા ની ગપસપ કરીયે.
કોનું શું થયું અને કોણે શું કહ્યું,એ બધું બાજુ માં ભલે મુકાઈ નહિ,
જે થયું તે સારા માટે જ થયું, તે પણ કદી ભુલાઈ નહિ.
થોડી જીવન વિષે ગપસપ કરીયે.
ચાલ ને થોડી વાતો કરીયે,સરસ મજા ની ગપસપ કરીયે.
મીઠા ઝાડ ના મૂળ ખોદાઈ નહિ,દરિયા ના ઊંડાણ મપાઈ નહિ.
અભિપ્રાય સાથે આ જીવન જીવાઈ નહિ.
નાની અમથી વાત સમજી,
ચાલ ને થોડી વાતો કરીયે, સરસ મજા ની ગપસપ કરીયે.
રસધાર છે આ શબ્દો ની, નિશબ્દ બની કેહવાઈ નહિ.
શબ્દો ની આટીઘુંટી એ જ જીવન છે, તે કદી વિસરાઈ નહિ.
થોડા મનગમતા શબ્દો ની માળા સાથે,
ચાલ ને થોડી વાતો કરીયે, સરસ મજા ની ગપસપ કરીયે.
ફાલ્ગુની સાંગાણી ઓડેદરા
પોરબંદર, ગુજરાત.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG S No:226**
વિષય:- ગપસપ. શિર્ષક:- ગપસપ
રચના:-પદ્ય શબ્દો:-૭૦

?આજે ચાલો મળીને સર્વે ગપસપ કરી લઈએ.
આજે ચાલો મળીને સર્વે મસ્ત બનીને રહીએ.

હોય જીંદગીમાં થોડાં ઘણાં જો દર્દો તે ભુલીએ.
થોડા દોસ્તોની સંગે આનંદને માણતા રહીએ.

વળી ભુતકાળની વિના દુઃખે હુતાસણી કરીએ.
સદા વર્તમાનમાં રહી કુટુંબમાં ગપસપ કરીએ.

જગની વાતોમાં કદી લપ્પન છપ્પન ના કરીએ.
વિના સંકોચ આનંદોત્સવો સર્વે મળીને કરીએ.

કોઈની કાનભંભેરણીમાં ભુલે પણ ના આવીએ.
ખુલ્લા દિલથી હળી મળી સદા ગપસપ કરીએ.

સુભાષ ઉપાધ્યાય 'મેહુલ'(અમેરિકા)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO-195**
વિષય:- ગપસપ શીર્ષક:- કયારે કરશો
પ્રકાર:- પદ્ય અછાંદસ શબ્દ:- ૭૮

ગપસપ જ કરવી છે જિંદગીમાં જપતપ ક્યારે કરશો
ભાવપ્રેમથી ભીંજાયા વિના તમે ભીતર ક્યારે ભરશો

ગપસપમાં ગમ ભૂલો, અને ખ્વાબના ખોરડે ઝૂલો
આ ખાલી ખમ ખોરડામાં તમે ખુશીથી ક્યારે ખરશો

ઝાલી નહી રહે જિંદગી, આ ગમતીલી ગપસપમાં
ગપ ગોળા માં ગોળાઈ જશો ચમનમાં કયારે ચરશો

સારી જ છે ગપસપ નથી સારી આ લૂલિ લપલપ
આ લાગણીઓની લહેરાઈમાં મનવા ક્યારે લરશો

વિષય બહું વહાલો લાગે અંતર આત્મા કયારે જાગે
જીવન પુષ્પ પ્રભુને ચરણે "અમૃત" હવે ક્યારે ધરશો

અમૃત શ્રીમાળી ....મહેસાણા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO : 209**
વિષય- ગપસપ. શિર્ષક- નિજાનંદ
શબ્દો- ૮૫. પ્રકાર- પદ્ય

જે હતો આનંદ,ગપસપ કરવામાં
લેતાં મજા,એ ગપસપની વેકેશનમાં,
ન હતા ટીવી, ન હતા મોબાઈલ એ જમાનામાં,
ટોળટપ્પા જ આનંદ હતો અમારો એ જમાનામાં.

હતો નિર્દોષ આનંદ,ન કરતાં કોઈને નુકસાન,
ગપસપ જ કરતાં બેસી રહેતાં,ન છૂટા પડવાનું નામ લેતાં.

કાશ આવે એ સમય પાછો, ભલે લઈ લે મોબાઈલ, ટીવી મારા
'સ્વધા'કરે અફસોસ,કેમ મળે એ ખોવાયેલ સમય મારો.
નામ- સુધા જે. પુરોહિત, 'સ્વધા'
ગામ- હોનોલુલૂ

# અમેરિકાના અવકાશી પ્રભુત્વને પડકારવા ચીનનું અજોડ 'જિયુ ટિયાન ડ્રોન' સક્ષમ

વોશિંગ્ટન : ચીનનું જિયુ ટિયાન એસએસ-યુએવી ડ્રોન આકાશમાં પણ અમેરિકાના પ્રભુત્વને પડકારવા તૈયાર થઈ ગયું છે. ડ્રોનની હાઈ-ટેક રેસમાં ચીનના નવા ડ્રોને અમેરિકાની આંખો પહોળી કરી દીધી છે. ૧૫માં ઝુહાઈ એરશોમાં આ ડ્રોનનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ ડ્રોન પર અમેરિકનોની ચાંપતી નજર છે. તેને એવીઆઈસી સાથે ભાગીદારીમાં વિકસાવવામાં આવ્યું છે.

એવીઆઈસીએ આ ડ્રોનને શેન્ક્સી અનમેન્ડ ઈક્વિપમેન્ટ ટેકનોલોજી અને હૈગ કમ્યુનિકેશન્સના સહયોગમાં વિકસાવ્યું છે. જિઉટિયાને ડ્રોનમાં નવી જ કેટેગરી ઊભી કરી છે. આ કેટેગરી સુપર હાઈ ઓલ્ટિટ્યુડ મધરશિપની કેટેગરી છે. આ ડ્રોન મહત્તમ ૧૬ ટન વજન લઈ ઉડી શકે છે, તેની પાંખ ૨૫ મીટરની છે અને તે ૧૫ હજાર મીટર ઊંચે સુધી જઈ શકે છે. કોઈપણ પરંપરાગત એર ડિફેન્સ સિસ્ટમ તેના સુધી પહોંચી શકે તેમ નથી. તે પહેલી ટેસ્ટ ફ્લાઈટ જુન ૨૦૨૫માં લે તેવી સંભાવના છે.

ચીનના મીડિયાનો દાવો છે કે મધર ડ્રોન હાઈ થ્રસ્ટ ટર્બોફેન એન્જિનથી સજ્જ હશે. તેની રેન્જ ૭,૦૦૦ કિ.મી.ની રહેશે. જિઉટિયાન તેની પાંખમાંથી બીજા કેટલાય નાના ડ્રોન છોડી શકે તેવું સક્ષમ છે. આ ઉપરાંત તે અત્યાધુનિક ટેકનોલોજી જેમકે એન્ક્રીપ્ટેડ કમ્યુનિકેશન્સ, હાઈડ્રોજન પ્રોપલ્સન, એઆઈ સ્વાર્મ કંટ્રોલ અને સુપરમટીરિયલ સ્ટીલ્થ ડિઝાઈનથી સજ્જ છે.આ ડ્રોનની ખાસિયત એ છે કે તેને બનાવી દીધું એટલે પછી તેમા કોઈ ફેરફાર ન થાય તેવું નથી. આ ડ્રોનને મિશનની જરૂરિયાતો મુજબ પણ તૈયાર કરી શકાય છે. તેમા ઈલેક્ટ્રોનિક વોરફેરથી લઈને ટ્રાન્સપોર્ટ કાર્ગોનો સમાવેશ થાય છે. વિશ્લેષકોનું માનવું છે કે તાઈવાન સામદ્રધુની, સાઉથ ચાઈના સી અને ગુઆમ આ બધા સ્થળોએ ચીન તેની વધતી જતી ક્ષમતાનો ઉપયોગ લશ્કર દ્વારા દર્શાવવા માંગે છે.

# લૂંટેરી દુલ્હનનો ભાંડો ફૂટ્યો, સાત જ મહિનામાં ૨૫ યુવકો સાથે લગ્ન કરી ફરાર થવાનો આરોપ



મધ્યપ્રદેશના ભોપાલમાં રાજસ્થાન પોલીસે એક એવી મહિલાની ધરપકડ કરી છે જેને હવે 'લૂંટ એન્ડ સ્કૂટ બ્રાઈડ' કહેવામાં આવી રહી છે. આ મહિલાનું નામ અનુરાધા પાસવાન છે, જેના પર છેલ્લા સાત મહિનામાં ૨૫ અલગ-અલગ પુરુષો સાથે લગ્ન કરવાનો અને પછી ફરાર જવાનો આરોપ છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, આ લૂંટેરી દુલ્હન દરેક લગ્ન પછી ઘરમાંથી કિંમતી સામાન અને રોકડ રકમ લઈને ફરાર થઈ જતી હતી. મળતી માહિતી પ્રમાણે અનુરાધા એક 'ઠગ ગેંગ' માટે કામ કરતી હતી, જે એવા યુવાનોને નિશાન બનાવે છે જેના લગ્ન નહોતા થઈ શકતા અથવા જેઓ જલ્દી લગ્ન કરવા માંગે છે. અનુરાધા આ યુવાનો સાથે લગ્ન કર્યા પછી પહેલા થોડા દિવસ તેમના ઘરમાં દુલ્હનની જેમ રહેતી, અને પછી તક મળતાં જ તે પોતાનો સામાન પેક કરીને ગાયબ થઈ જતી હતી. ખાસ વાત એ હતી કે તે લગ્ન સંપૂર્ણપણે કાયદેસર રીતે કરાવતી હતી, જેના કારણે પીડિતો તાત્કાલિક તેની વિરુદ્ધ કંઈ કરી નહોતા શકતા.આ મામલે પ્રથમ ફરિયાદ સવાઈ માધોપુરના રહેવાસી વિષ્ણુ શર્મા દ્વારા ૩ મેના રોજ નોંધાવવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'મેં બે એજન્ટ સુનિતા અને પપ્પુ મીણાને દુલ્હન શોધવા માટે ૨ લાખ રૂપિયા આપ્યા હતા. એજન્ટોએ મને કહ્યું કે, અનુરાધા મારા માટે યોગ્ય છોકરી છે અને ૨૦ એપ્રિલે અમે બંનેએ સ્થાનિક કોર્ટમાં લગ્ન કર્યા. પરંતુ ૨ મેના રોજ અનુરાધા ઘરેથી ઘરેણાં અને રોકડ રકમ લઈને ભાગી ગઈ.'તપાસમાં સામે આવ્યું કે અનુરાધા અગાઉ ઉત્તર પ્રદેશના મહારાજગંજ જિલ્લાની એક હોસ્પિટલમાં કામ કરતી હતી. પતિ સાથે અણબનાવ પછી તે ભોપાલમાં સ્થાયી થઈ ગઈ અને પછી ઠગ ગેંગ સાથે જોડાઈ ગઈ. આ ગેંગનું કામ એજન્ટો દ્વારા દુલ્હો શોધવાનું હતું. વોટ્સએપ પર છોકરીઓના ફોટા મોકલીને તેમને લગ્ન માટે રાજી કરવામાં આવતા હતા અને તેમની પાસેથી ૨ થી ૫ લાખ રૂપિયા વસૂલવામાં આવતા હતા. લગ્નના થોડા દિવસો પછી જ દુલ્હન ઘર છોડીને ફરાર થઈ જતી હતી.

# આઈટીઆઈ સરખેજ ખાતે સમર સ્કિલ વર્કશોપનું આયોજન

અમદાવાદ,

ગુજરાત સરકારના રોજગાર અને તાલીમ કચેરી હેઠળ આવતી ઔધોગિક તાલીમ સંસ્થા (આઈટીઆઈ) સરખેજ ખાતે તા.૨૬/૦૫/૨૦૨૫થી તા.૦૬/૦૬/૨૦૨૫ દરમ્યાન સમર સ્કિલ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના અદ્યતન ઔધોગિક વિકાસને ધ્યાને રાખી ઉદ્યોગ જગતની માંગને અનુરૂપ કુશળ માનવબળ તૈયાર કરી રોજગારી અને સ્વરોજગારીની વિપુલ તકો ઊભી થાય, તેવા ઉમદા આશયથી રાજ્ય સરકાર દ્વારા યુવાનોના કૌશલ્ય વિકાસ માટે 'સમર સ્કિલ વર્કશોપ'નો વિચાર લાવવામાં આવ્યો છે. હાલમાં રાજ્યની શાળાઓમાં શૈક્ષણિક સત્ર પૂરું થતા ઉનાળું વેકેશન જાહેર કરવામાં આવ્યું છે. આ ઉનાળું વેકેશન દરમ્યાન શાળાના ધોરણ-૮ કે તેથી વધુ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રાજ્યની ઔધોગિક તાલીમ સંસ્થાઓ ખાતે ચાલતી વોકેશનલ તાલીમ પ્રત્યે જાગૃતતા આવે અને હાઉસ હોલ્ડ એક્ટિવિટીમાં ભાગ લેવાથી તેઓનો સ્કિલ ટ્રેનિંગ પ્રત્યેનો ઉત્સાહ વધે, તેની પ્રત્યેનો અભિગમ બદલાય તે હેતુથી આઇ.ટી.આઇ સરખેજ ખાતે વિનામૂલ્યે 'સમર સ્કિલ વર્કશોપ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કશોપ દરમ્યાન તેઓને આઇ.ટી.આઇ ખાતે ચાલતા વિવિધ વ્યવસાયોને લગતી પાયાની સમજ આપવામાં આવશે. વર્કશોપમાં ભાગ લેવા ઈચ્છુક વિદ્યાર્થીએ આઈટીઆઈ સરખેજ ખાતે રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.

# ભારતમાં એક જ વર્ષમાં ૧૨ હજાર કરોડ રૂપિયાના ચલણ, આઠ કરોડ લોકોએ ટ્રાફિકના નિયમો તોડ્યા



ભારત જેવા દેશમાં ટ્રાફિક નિયમોનું મોટા પ્રમાણમાં ઉલ્લંઘન થાય છે. જેના કારણે પરિસ્થિતિ એવી છે કે દરરોજ હજારો ટ્રાફિક ચલણ જારી કરવામાં આવે છે. આ અંગે ઝફજિર૨૪ એ એક રિપોર્ટ રજૂ કર્યો છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે વર્ષ ૨૦૨૪માં ભારતમાં કેટલા ચલણ જારી કરવામાં આવ્યા છે. પરંતુ છેલ્લા એક વર્ષમાં તેમાંથી માત્ર ૨૫% ચલણ જ ભરાયા છે. બાકીના ૭૫% હજુ બાકી છે.આ પહેલી વાર છે જ્યારે ઝફજિર૨૪ એ ચલણ ડેટા સંબંધિત આ રિપોર્ટ બહાર પાડ્યો છે. આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે વર્ષ ૨૦૨૪માં ૧૨,૦૦૦ કરોડ રૂપિયાના ચલણ જારી કરવામાં આવ્યા છે. આમાંથી ૯,૦૦૦ કરોડ રૂપિયાના ચલણ હજુ સુધી જમા થયા નથી. એક વર્ષમાં ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનારાઓને ૮,૦૦૦ કરોડથી વધુ ચલણ જારી કરવામાં આવ્યા હતા. આથી એવું કહી શકાય કે કડક નિયમો હોવા છતાં દેશભરમાં ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન થાય છે. આ વર્ષે, ઓવરલોડેડ ટ્રકથી લઈને હેલ્મેટ વગર બાઈક કે સ્કૂટર ચલાવનારાઓ સુધીના દરેકને ચલણ ફટકારવામાં આવ્યા હતા. હરિયાણાના એક ટ્રક માલિકને ૧૮ ટનથી વધુ માલ લોડ કરવા બદલ ૨,૦૦,૫૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

# ટ્રમ્પ-પુતિન વચ્ચે બે કલાકથી વધુ સમય વાતચીત : રશિયા મંત્રણા માટે તૈયાર

વોશિંગ્ટન : અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયાના પ્રમુખ પુતિને બે કલાક કરતાં પણ વધારે સમય વાતચીત કરી હતી અને યુદ્ધ બંધ કરવા અંગે ચર્ચા કરી હતી. પુતિને યુદ્ધ બંધ કરવાના માર્ગ પર આગળ વધવાની તૈયારી બતાવી છે. ચર્ચાના અંતે બંને નેતાઓ તે વાત પર સંમત થયા હતા કે બધા પક્ષોને અનુકૂળ આવે તે પ્રકારનું સમાધાન શોધવાની દિશામાં પ્રયત્નો કરવામાં આવશે. ટ્રમ્પ સાથેના ફોન કોલ પછી પુતિને જણાવ્યું હતું કે યુક્રેનમાં યુદ્ધનો અંત લાવવાના પ્રયત્નોના મોરચે પ્રગતિ થઈ છે અને રશિયા કીવ સાથેની સીધી મંત્રણાને સમર્થન આપે છે. પુતિને પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું હતું કે અમે અમેરિકન પ્રમુખ સાથે તે વાત પર સંમત થયા છીએ કે રશિયા પોતે પહેલ કરશે અને તે સંભવિત ભાવિ શાંતિ સંધિ અંગે પણ તેની સાથે કામ કરવા તૈયાર છે. તેમણે સમજાવ્યું હતું કે આ માટે તૈયાર કરવામાં આવનારા મેમોરેન્ડમમાં કેટલાક ચાવીરૂપ ક્ષેત્રો પર ખાસ ધ્યાન અપાશે, તેમા સેટલમેન્ટના સિદ્ધાંતો અને કરાર પર પહોંચવાની સંભવિત સમયરેખાનો પણ સમાવેશ થશે. આ ઉપરાંત મોસ્કો અને કીવ વચ્ચે ચર્ચા ફરીથી શરૂ કરાવવા બદલ પુતિને ટ્રમ્પનો આભાર માન્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ટ્રમ્પે શાંતિપૂર્ણ ઉકેલ માટે રશિયાના પ્રયત્નોને સમર્થન આપ્યું છે, પરંતુ તેની સાથે આ રસ્તા પર આગળ વધવા અંગેના પડકારો પર પણ ચર્ચા કરી હતી. જો યોગ્ય કરારો કરવામાં સહમતી સધાઈ તો યુદ્ધવિરામ થશે. આ સીધી મંત્રણા પર આવવાની વાત પુરવાર કરે છે કે અમે યોગ્ય માર્ગ પર જ હતા. પુતિને જણાવ્યું હતું કે આ મુદ્દે રશિયાનું વલણ સ્પષ્ટ છે, આ કટોકટીના વર્તમાન કારણો ખતમ કરવામાં આવે. આપણે શાંતિ તરફ આગળ વધતા સૌથી અસરકારક રસ્તા શોધવાના છે. ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલાં તુર્કીયેમાં પુતિન અને ઝેલેન્સ્કી વચ્ચે વાતચીત થવાની હતી.

# રાજકોટ અગ્નિકાંડના મૃતકોના ન્યાય માટે રેલી શરૂ થતાં જ કોંગ્રેસ કાર્યકર્તાઓની અટકાયત, ૬ દિવસનો કાર્યક્રમ જાહેર





ગુજરાતના ઈતિહાસના સૌથી દર્દનાક એવા રાજકોટમાં ટી.આર.પી.ગેમઝોનમાં ૨૫મે ૨૦૨૪ના માનવીય લાપરવાહીથી લાગેલી આગમાં ૨૭ લોકો બળીને એટલા ખાખ થઈ ગયા હતા કે શરીરનું એક અંગ પણ બચ્યું ન હતું. આ ઘટનાને આગામી ૨૫મેના એક વર્ષ પૂરું થઈ રહ્યું છે. ત્યારે અગ્નિકાંડ પછી પણ જૈસે થે રહેલા મનપાના તંત્રને ઢંઢોળવા અને મૃતકોના પરિવારજનોને ન્યાય માટે આજે સવારે કોંગ્રેસ દ્વારા ત્રિકોણબાગથી રેલી કાઢવામાં આવી હતી. જેમાં ભાજપ હાય હાયના નારા સાથે વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ રેલી ત્રિકોણબાગથી મનપા કચેરી સુધી યોજાવવાની હતી, પરંતુ રેલી શરૂ થતાં પોલીસે કોંગ્રેસના તમામ કાર્યકર્તાઓની અટકાયત કરી લીધી હતી. આ દરમિયાન પોલીસ અને કોંગ્રેસ કાર્યકર્તાઓ વચ્ચે ઝપાઝપીના દ્રશ્યો જોવા મળ્યા હતા. આ ઉપરાંત સાવચેતીના ભાગરૂપે મનપા કચેરીએ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

શહેર કોંગ્રેસ પ્રમુખ અને મનપાના વિપક્ષી નેતાએ જણાવ્યું હતું કે 'કોંગ્રેસે આજથી (મંગળવાર) સળંગ છ દિવસ સુધી અગ્નિકાંડના મુદ્દે વિરોધ પ્રદર્શનના કાર્યક્રમો ઘડી કાઢયા છે જેમાં (૧) ૨૦ મેના આજે કમિશનરના ઘેરાવ સાથે શહેરમાં પત્રિકા વિતરણ (૨) ૨૧મેને બુધવારે પો.કમિ.ને રજૂઆત અને ન્યાય સંકલ્પ રથ ફેરવાશે. (૩) ૨૨મેને ગુરુવારે સવારે ૧૧ વાગ્યે વોર્ડ પ્રભારીઓ દ્વારા વિસ્તારોમાં રિક્ષામાં સ્ટીકર તથા ૨૩મેના પણ પત્રિકા વિતરણ સહિત કાર્યક્રમો (૪) ૨૪મેના અગ્નિકાંડમાં સરકારની ભૂમિકા અંગે વિગતો જાહેર કરાશે અને (૫) ૨૫મેના સાંજે જિલ્લા પંચાયત ચોકમાં કેન્ડલ માર્ચ યોજાશે.'

ઉલ્લેખનીય છે કે જે તે સમયે ગેમઝોન પર ગયેલા નેતાઓ, આઈ.પી.એસ., આઈ.એ.એસ. અધિકારીઓના ફોટા વાયરલ થયા હતા, ગેમઝોનને લાયસન્સ આપનાર પોલીસ કમિશનર સહિત અધિકારીઓની બદલી કરાઈ હતી અને ગેમઝોન ગેરકાયદે છતાં તેનું ડીમોલીશન નહી કરનાર ટી.પી.ઓ. તેમજ ફાયર સેફ્ટીની કાર્યવાહી મુદ્દે ચીફ ફાયર ઓફિસર સહિત માત્ર મ્યુનિ.અધિકારીઓની ધરપકડ કરાઈ હતી અને મ્યુનિ.કમિશનરની બદલી થઈ હતી. પરંતુ, પદાધિકારીઓ-અધિકારીઓ વિરુદ્ધ કોઈ શિક્ષાત્મક પગલા લેવાયા ન હતા.

# વાપીના ડુંગરી ફળિયા એક પછી એક સાત ભંગારના ગોડાઉનમાં આગ



વાપી મનપા હદ વિસતારના ડુંગરી ફળિયામાં આજે મંગળવારે મળસ્કે એક ભંગારના ગોડાઉનમાં આગ લાગ્યા બાદ અન્ય છ ગોડાઉન લપેટમાં આવી જતા ભારે અફરાતફરી મચી ગઇ હતી. આગ લાગતા આસપાસમાં રહેતા રહીશોના જીવ તાળવે ચોટી ગયા હતા. લાશ્કરોએ ચાર કલાક બાદ આગને કાબુમાં લીધી હતી. જો કે કોઈ જાનહાની થઈ ન હતીવ વાપી મહાનગરપાલિકા દ્વારા ગેરકાયદેસર રીતે ચાલતા ભંગારના ગોડાઉન દૂર કરવા કવાયત આદરી છે. ત્યારે આજે મંગળવારે મળસ્કે વાપીના ડુંગરી ફળિયામાં અચાનક એક ગોડાઉનમાં આગ સળગી ઉઠી હતી. આજુબાજુમાં આવેલા અન્ય છ ગોડાઉન પણ એક પછી એક આગની લપેટમાં આવી ગયા હતા. આગની જવાળા આકાશમાં દૂરદૂર સુધી ફેલાઇ જતા લોકોમાં ગભરાટ મચી ગયો હતો. રહેણાંક વિસ્તારમાં આવેલા ગોડાઉનમાં એક સાથે સાત ગોડાઉનમાં આગ લાગતા રહીશોમાં અફરાતફરી મચી ગઇ હતી. એટલું જ નહી લોકોના જીવ તાળવે ચોંટી ગયા હતા. જો કે કોઇ જાનહાની થઇ ન હતી. આગને પગલે વાપી મનપા, જીઆઇડીસી, નોટિફાઇડ સહિતના વિસ્તારનાં બંબા ઘટના સ્થળે પહોંચી ગયા હતા. બાદમાં લાશકરોએ ભિષણ આગને કાબુમાં લેવા હાથ ધરેલી કવાયત દરમિયાન લગભગ ચાર કલાક બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. ડુંગરા પોલીસ પણ ઘટના સ્થળે દોડી ગઇ હતી. ભંગારના ગોડાઉનોમાં આગ લાગવાના બનાવોમાં થઇ રહેલો વધારો ચિંતાજનક બની ગયો છે. આ આગમાં સના ઉલ્લા, આશિક અલી,રિયાસત ખાન, ગુલામ ભીખા, ગોબરી બનજારા, પ્રધાન બનજારા અને લાલુ ચાચાના ગોડાઉન બળીને ખાખ થઇ ગયા હતા.

# ગેરકાયદે ખનન પર ભૂસ્તર તંત્રનું એક્શનઃમાણસાના અનોડીયા પાસે સાબરમતી નદીમાંથી ૧.૭૦ કરોડનો મુદ્દામાલ જપ્ત




ગાંધીનગર કલેક્ટર મેહુલ કે. દવેના માર્ગદર્શન હેઠળ ભૂસ્તર તંત્રની ટીમે માણસા તાલુકાના છેલ્લોવાસ-અનોડીયા ગામ પાસેથી પસાર થતી સાબરમતી નદીના પટ્ટમાં આકસ્મિક દરોડો પાડ્યો છે. મદદનીશ ભુસ્તરશાસ્ત્રી પ્રણવ સિંહની સૂચનાથી કરવામાં આવેલી આ કાર્યવાહીમાં ગેરકાયદે ખનનનો પર્દાફાશ થયો છે.રોયલ્ટી ઈન્સ્પેક્ટરની આગેવાનીમાં કરવામાં આવેલી રેડ દરમિયાન નદી પટ્ટ વિસ્તારમાં ભૂ માફિયાઓએ પાણીના વહેણમાં બનાવેલા ચીલામાં એક ડમ્પર ફસાયેલું મળી આવ્યું હતું. સ્થળ પર એક એસ્કેવેટર મશીનથી નદી કિનારે સાદી રેતીનું તાજું ખોદકામ થઈ રહ્યું હતું. આ ઉપરાંત ૫૦૦ મીટર દૂર બે ત્નઝ્રમ્ મશીન પણ મળી આવ્યા હતા.તપાસમાં જાણવા મળ્યું કે આ મશીનરી દ્વારા સાદી રેતી અને માટીનું ગેરકાયદે ખનન અને હેરાફેરી થઈ રહી હતી. ભૂસ્તર તંત્રે કુલ ૧.૭૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ડમ્પર અને મશીનના માલિકો સામે ગુજરાત મિનરલ નિયમો-૨૦૧૭ હેઠળ દંડકીય કાર્યવાહી કરવામાં આવશે.ગ્રામજનોના જણાવ્યા અનુસાર, આ વિસ્તારમાં લાંબા સમયથી ગેરકાયદે ખનન થઈ રહ્યું હોવા છતાં સ્થાનિક પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. ભૂસ્તર તંત્ર દ્વારા ખનન થયેલા વિસ્તારની માપણીની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે.

# પિયજ ગામમાંથી ૧.૭૮ કિ.ગ્રા ગાંજાના જથ્થા સાથે નશાનો સોદાગર ઝડપાયો



ગાંધીનગર જિલ્લામાં નશીલા પદાર્થોની હેરાફેરી સામે પોલીસે કડક કાર્યવાહી કરી છે. એસઓજી પોલીસે કલોલના પિયજ ગામમાંથી ૧.૭૮૩ કિલોગ્રામ ગાંજા સાથે એક શખસને ઝડપી લીધો છે.ગાંધીનગર રેન્જ ડીઆઈજીપી વિરેન્દ્રસિંહ યાદવ અને પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમસેટ્ટીના માર્ગદર્શન હેઠળ એસઓજી પોલીસ ઈન્સપેક્ટર વી.ડી.વાળાની ટીમે આ કાર્યવાહી કરી હતી. પોલીસને મળેલી બાતમીના આધારે પિયજ ગામના જીવણજી શકરાજી ઠાકોરના ઘરે દરોડો પાડવામાં આવ્યો હતો.આરોપી પાસેથી ૧૭,૮૩૦ રૂપિયાની કિંમતનો ૧.૭૮૩ કિલો ગાંજો, ૫૦૦૦ રૂપિયાનો મોબાઈલ ફોન અને ૧૦૦૦ રૂપિયાનો વજનકાંટો મળી કુલ ૨૩,૮૩૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ મામલે કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.તપાસ દરમિયાન જાણવા મળ્યું કે આરોપી અગાઉ મહેસાણાના નંદાસણ પોલીસ સ્ટેશનમાં પણ દ્ગડ્ઢઁજી એક્ટ હેઠળ ગુનામાં પકડાયો હતો.

# ડીસા તાલુકાના જુનાડીસા ગામે રોહિત સમાજ નો આઠમો સમૂહ લગ્ન મહોત્સવ





આમ જો વાત કરીએ તો દરેક સમાજ પોતાની સમાજમાંથી રૂઢિચૂત રિવાજો દૂર કરી પોતાના સમાજને શ્રેષ્ઠ સમાજ બનાવવા પ્રયત્ન કરી રહ્યું છે ત્યારે આજરોજ ડીસા તાલુકાના દલિત સમાજનો ભવ્ય સમૂહ લગ્ન કાર્યક્રમ યોજાયો જેમાં ૨૦,૦૦૦ થી વધુ દલિત સમાજના લોકોએ ભાગ લીધો હતો ત્યારે૧૦૦ ગામ ડીસાવળ રોહિત સમાજ તથા ડીસાવળ રોહીત સમાજ શૈક્ષણીક વિકાસ ટ્રસ્ટ અને સંત શ્રી રોહીદાસ સેવા ટ્રસ્ટ ના ઉપક્રમે સંત શ્રી રોહીદાસ રિસર્ચ સેન્ટર, જુનાડીસા મુકામે આઠમા સમુહ લગ્નોત્સવ નું આયોજન કરવામાં આવ્યું હતું.જેમા ૩૦ નવયુગલોએ પ્રભુતામાં પગલાં પાડયાં હતાં,

આ પ્રસંગ ડીસાવળ રોહીત સમાજનાં પંચ પટેલ બબાભાઈ પુનડિયા ના અધ્યક્ષસ્થાને યોજાઈ ગયો, જેમાં મુખ્ય મહેમાન તરીકે ડીસાના ધારાસભ્ય શ્રી પ્રવીણભાઈ માળી , પૂર્વ ધારાસભ્ય શ્રી શશીકાંત પંડ્યા તેમજ દિનેશભાઈ પુનડિયા, ડી.વાય.એસ.પી.,અશ્વિનભાઈ પરમાર,,૧૦૦ ગામ ડીસાવળ રોહિત સમાજ ના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા. આ સંપૂર્ણ કાર્યક્રમ ડીસાવળ રોહિત સમાજ દ્વારા કરવામાં આવીયો હતો ના જ્યારે મુખ્ય દાતા ભોજનના દિનેશભાઈ ડીવાયએસપી દ્વારા સુંદર ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી જ્યારે રોહિત સમાજના નામી અનામી તમામ મહાનુભાવો આ સમૂહ લગ્ન કાર્યક્રમમાં હાજર રહ્યા હતા જ્યારે રોહીત સમાજ ના યુવાનો એક મહિનાથી આ કાર્યક્રમ ને સફળ બનાવવા સતત રાત દિવસ મહેનત કરી હતી. આ પ્રસંગે રોહિત સમાજના પંચ પટેલ બબાભાઈ ભગવાનભાઈ પુનડીયા દ્વારા સમાજનાં તમામ દાતાઓનો ખુબ ખુબ આભાર વ્યક્ત કરે છે.વિનોદ બાંડીવાળા ડીસા

# શિક્ષણકુંજ ગ્રૂપ દ્વારા રાજ્ય કક્ષાનો ઓનલાઈન 'સમર સ્પાર્ક' સમર કેમ્પ યોજાયો



શિક્ષણકુંજ ગ્રૂપના સંચાલકો શ્રી દિનેશભાઈ ચૌહાણ, શ્રી નરેન્દ્રભાઈ કાલરિયા અને શ્રી રાજેશભાઈ ડાભી દ્વારા તા.૧૨/૦૫/૨૦૨૫ થી તા. ૧૮/૦૫/૨૦૨૫ દરમિયાન રાજ્ય કક્ષાના ઑનલાઈન 'સમર સ્પાર્ક' સમર કેમ્પ-૨૦૨૫ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમર કેમ્પમાં ભાગ લેવા માટે તા. ૦૭/૦૪/૨૦૨૫ થી ૧૦/૦૫/૨૦૨૫ સુધી રજિસ્ટ્રેશન કરવા સૂચના આપવામાં આવી હતી. ગુજરાતના જુદાં-જુદાં જિલ્લાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓએ ભાગ લીધો હતો. શિક્ષણકુંજ દ્વારા આયોજિત રાજ્ય કક્ષાના ઑનલાઈન 'સમર સ્પાર્ક' સમર કેમ્પમાં વિવિધ પ્રકારના આર્ટ, ક્રાફ્ટ, દેશી રમતો, કાગળ કામ, મહેંદી, યોગ, અભિનયગીત, બાળગીત, ટી.એલ.એમ નિર્માણ, રમકડાં નિર્માણ, પપેટ નિર્માણ વગેરે પ્રવૃત્તિઓ શિક્ષણકુંજ યુટ્યુબ ચેનલના માધ્યમથી રજૂ કરવામાં આવી હતી. શિક્ષણકુંજ દ્વારા આયોજિત રાજ્ય કક્ષાના ઑનલાઈન 'સમર સ્પાર્ક' સમર કેમ્પમાં જે વ્યક્તિઓની પ્રવૃત્તિઓના વીડિયો સિલેક્ટ થયા હતા તે દરેક વ્યક્તિઓને સમરકેમ્પ પૂર્ણ થયા પછી આકર્ષક ઈ-સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા. શિક્ષણકુંજ દ્વારા આયોજિત રાજ્ય કક્ષાના ઑનલાઈન 'સમર સ્પાર્ક' સમર કેમ્પ-૨૦૨૫ ને સમગ્ર ગુજરાતમાંથી ખૂબ સારો પ્રતિસાદ મળ્યો હતો. ઑનલાઈન 'સમર સ્પાર્ક' સમર કેમ્પ-૨૦૨૫ ની ભવ્ય સફળતાને કારણે શિક્ષણકુંજ ગ્રૂપનું નામ સમગ્ર ગુજરાતમાં ગુંજતું થઈ ગયું છે

# વડોદરામાં વાહનોનું નોંધણી રજીસ્ટર ન રાખનાર ૩ ગેરેજ સંચાલકોની અટકાયત

વડોદરા શહેરના નવાપુરા વિસ્તારમાં ગેરેજમાં સર્વિસ તથા રીપેરીંગ માટે આવતા વાહનોનું નોંધણી રજીસ્ટર ન રાખવા અંગે જાહેરનામા ભંગ બદલ ૩ ગેરેજ સંચાલકોની પોલીસે અટકાયત કરી હતી. ગેરેજ સંચાલકોએ વાહન માલિકનું નામ, સરનામું, વાહનની માહિતી, ઓળખપત્ર વિગેરે દર્શાવતું રજીસ્ટર નિભાવવું ફરજીયાત છે. આરવીદેસાઈ રોડ ઉપર ગંગોત્રી એપાર્ટમેન્ટના




નાકા પાસે જાની ઓટો ગેરેજના સંચાલક દાનસિંગ સ્વરૂપસિંગ પંજાબી (રહે-સરદાર ચાલ, ખંડેરાવ મંદિર પાસે, આરવીદેસાઈ રોડ), શક્તિ કૃપા સર્કલ પાસે અમૃત કોમ્પ્લેક્સમાં સ્ટાર ઓટો ગેરેજના સંચાલક મુસ્તુફાખાન ઈરફાનખાન પઠાણ (રહે-દૂધની ડેરી પાસે, મહેબુબપુરા, નવાપુરા) અને આરવીદેસાઈ રોડ ઉપર જોની ઓટો ગેરેજના સંચાલક મનજીતસિંગ દિલીપસિંગ શિખ (રહે-જય નારાયણ નગર સોસાયટી, ડભોઈ રોડ) એ વાહન નોંધણી રજીસ્ટર ન નિભાવતા પોલીસે જાહેરનામા ભંગ બદલ અટકાયત કરી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.